Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्रुतसागर | શ્રુતસાગર

## SHRUTSAGAR (MONTHLY)

April 2015, Volume : 01, Issue : 11, Annual Subscription Rs. 150/- Price Per copy Rs. 15/-

EDITOR : **Hirenbhai Kishorbhai Doshi**



गोटका स्वरूपे ओळखाती सचित्र हस्तप्रत, श्लोकने अनुसारे राजस्थानी शैलीना चित्रो. गोटका प्रकारनी आवी हस्तप्रतोमां विविध प्रकारनुं साहित्य उपलब्ध थतुं होय छे.

## आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



आकोटा शैलीमां श्री पार्श्वनाथ परमात्मानी एक भव्य प्रतिमा
(विशेष परिचय माटे पृष्ठ क्रमांक नं. १६ जुओ)

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर का मुखपत्र

# श्रुतसागर શ્રુતસાગર

# SHRUTSAGAR (Monthly)

वर्ष-१, अंक-11, कुल अंक-11, अप्रैल-२०१५ ❖ Year-1, Issue-11, Total Issue-11, April-2015
वार्षिक सदस्यता शुल्क-रू. १५०/- ❖ Yearly Subscription - Rs.150/-
अंक शुल्क - रू. १५/- ❖ Issue per Copy Rs. 15/-

## आशीर्वाद

**राष्ट्रसंत प. पू. आचार्य श्री पद्मसागरसूरीश्वरजी म. सा.**

❖ संपादक ❖

हिरेन किशोरभाई दोशी

एवं

ज्ञानमंदिर परिवार

१५ अप्रेल, २०१५, वि. सं. २०७१, चैत्र वद-११

**प्रकाशक**

**आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर**

श्री महावीर जैन आराधना केन्द्र कोबा, गांधीनगर-३८२००७

फोन नं. (०७९) २३२७६२०४, २०५, २५२ फेक्स : (०७९) २३२७६२४९

**Website :** www.kobatirth.org **Email :** gyanmandir@kobatirth.org

For Private and Personal Use Only

# अनुक्रम


| | | |
|---|---|---|
| १. संपादकीय | हिरेन के. दोशी | ३ |
| २. गुरुवाणी | आचार्य बुद्धिसागरसूरिजी | ४ |
| ३. Beyond Doubt | Acharya Padmasagarsuri | ७ |
| ४. उमेटा मंडन संभवनाथ जिन स्तवन | मुनि सुयशचंद्रविजय | ९ |
| ५. बे अप्रगट लघुकृति | हिरेन के. दोशी | १२ |
| ६. एक पुरातन प्रतिमानो परिचय | मुनि सुयशचंद्रविजय | १६ |
| ७. हस्तप्रत परिचय | गजेन्द्र पढियार | १८ |
| ८. सोमसौभाग्यनुं विहंगावलोकन | हीरालाल र. कापडीया | २५ |
| ९. समाचार सार | गजेन्द्र पढियार | ३२ |



**प्राप्तिस्थान :-**

**आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर**

तीन बंगला, टोलकनगर

परिवार डाईनिंग हॉल की गली में

पालडी, अहमदाबाद - ३८०००७

फोन नं. (०७९) २६५८२३५५

# संपादकीय

हिरेन के. दोशी

श्रुतसागरनो अग्यारमो अंक तमारा हाथमां छे.

सच्चारित्र चूडामणि परम पूज्य आचार्यदेव श्री कैलाससागरसूरीश्वरजी म. सा. नुं आचार्यपदना अर्धशताब्दी वर्षनी पुनित वेळाए आ अंकमां पूज्यपाद् आचार्यदेवेश श्री कैलासागरसूरीश्वरजी म. सा. ना अमूल्य वचनोने गुरुवाणी हेठळ प्रकाशित कर्या छे. पूज्यश्रीना वचनोमां रहेलुं अध्यात्मनुं भावसामर्थ्य आपणा जीवनने सक्षमता बक्षे छे. दर अंके प्रकाशित थती पूज्यपाद योगनिष्ठ पूज्य गुरुदेवश्री बुद्धिसागरसूरीश्वरजी महाराजानी रचनाओमां आ अंके हरिगीत छंदमां रचायेली मृत्यु पाछळनी अमरता अने सत्य प्राप्तिना आनंदने व्यक्त करता बे सुंदर पद्यो अत्रे प्रकाशित कर्या छे.

अप्रकाशित कृतिनी श्रेणिमां उमेटा मंडन संभवजिन स्तवन प्रकाशित कर्युं छे. तेमज बे अप्रगट लघु कृति प्रकाशित करी छे. सविशेष गौरवनी वात ए छे के पूज्य महोपाध्याय श्री यशोविजयजी म. सा. नी एक अप्रकाशित कृति आ अंकमां प्रकाशित करीए छीए. आम कुल त्रण कृतिओ प्रकाशित थाय छे.

ऐतिहासिक सामग्रीना संकलनरूपे महाराष्ट्रमां रहेल अकोटा शिल्पनी आ पुरातन प्रतिमानो परिचय अत्रे प्रकाशित कर्यो छे. प्रतिमानी शैली, अने प्रतिमाना स्वरूपने आ लेखना माध्यमे जाणी शकाय छे. हस्तप्रतना परिचय रूपे हस्तप्रतना विविध प्रकारो अने एनी साथे सचवायेली श्रुतरक्षानी परंपरानो स्पष्ट ख्याल आवे ए हेतुथी हस्तप्रत परिचय नामनो लेख आ अंकमां प्रकाशित कर्यो छे.

जूना मेगेझिनमांथी प्रकाशित थती लेखश्रेणिमां आ वखते आचार्य श्री सोमसुंदरसूरिजी महाराजना जीवननो परिचय करावतो लेख "सोमसौभाग्यनुं विहंगावलोकन" अत्रे प्रकाशित करेल छे. आचार्यदेव श्री सोमसुंदरसूरिजीना जीवनगुणने वर्णवती एक कृति 'सोमसुंदरसूरि बिरुदावली कुलक' गया अंकमां प्रकाशित करी हती, सोमसौभाग्य काव्य अने सोमसुंदरसूरि बिरुदावली कुलकनी विगतोने तुलनात्मक रीते जाणी शकाय ए हेतुथी आ लेखने जैन सत्यप्रकाशमांथी साभार प्रकाशित करेल छे.

आचार्य श्री सोमसुंदरसूरिजी बाबते विशेष जाणवा माटे अभ्यासुवर्गे रंजनविजय जैन पुस्तकालय तरफथी वि. सं. २०५६ मां प्रकाशित सोमसौभाग्य महाकाव्यनुं अवलोकन करवुं.

# ગુરુવાણી

આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરિજી

## આચાર્યશ્રીની અમૃતવાણી

જગતમાં જોવાના હોય તો તે તીર્થંકર પરમાત્માને. બીજું સંસારમાં જોવાનું છે શું?

❖ ❖ ❖

શરીર અને કર્મ એનો ધર્મ બજાવે તો આત્માએ આત્માનો ધર્મ બજાવવો જોઈએ. એક દિવસ જેની રાખ અને ધૂળ થવાની છે એ દેહની શાને કાજે ચિંતા કરવી જોઈએ?

❖ ❖ ❖

જગતની ભાષામાં નહિ, પણ જગતપતિની ભાષામાં બોલો, કદાચ જનસમુદાયની ભાષામાં તુચ્છકાર હોય તો ક્ષમ્ય ગણીને ચલાવી લેવાય, પણ સાધુની વાણીમાં કદી તુચ્છકાર ન હોય.

❖ ❖ ❖

તીર્થ તો પ્રભુની ભક્તિ માટે છે. આ તીર્થનું હું કશુંય વાપરું તો મારી આસક્તિ વધે.

❖ ❖ ❖

કોઇ ઉત્તેજનામાં ગમે તેમ બોલે ત્યારે તમારા મનને કહી દો કે આ રોંગ નંબર છે. આપણે ઘેર ફોન આવ્યો હોય, માણસ ગમે તેટલું બોલતો હોય, પણ તમે માત્ર આટલું જ કહો કે આ રોંગ નંબર છે તો કેવો ઠંડોગાર થઈ જાય છે.

❖ ❖ ❖

જુવાની માં ટેકો લેશો તો બુઢાપામાં સૂવું પડશે.

❖ ❖ ❖

કોઈ વ્યક્તિ ભૂલ કે દોષ કરે પરંતુ આપણે તો એમાંથી એના સદ્‌ગુણ જ જોવાના અને ગ્રહણ કરવાના હોય, દુર્ગુણ નહીં.

❖ ❖ ❖

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મૃત્યુ પાછળ અમરતા

આચાર્ય બુદ્ધિસાગરસૂરિજી

જે જે નિમિત્તે દેહનું પડવું થવાનું થાય છે,
ત્યાં સાક્ષીભાવે દેખતાં આતમ નહીં ભરમાય છે,
મન તન સંબંધે પ્રગટતું પ્રારબ્ધ ભોગવવું સહી,
ઉપયોગ સાક્ષી ભાવથી સુરતા જ અંતરમાં રહી. ૮૪

મન ઇન્દ્રિયોને દેહથી ભોગાય સુખ દુઃખ ભોગને,
શાતા અહા બહુ જાતની ભોગવાય સંકટ રોગને,
સાક્ષી બનીને આતમા સમભાવથી સહુ ભોગવે,
જીવન ક્ષણે ક્ષણ નવ નવું આનંદ ઉત્સવ ઉઝવે. ૮૫

શુદ્ધાત્મ આનંદ ઉત્સવે રહેતાં જ દેહ ટળે યદા,
તો પણ અહો આનંદ છે જો નહીં ટળે ત્હોંયે તદા,
પ્યારી ગણેલી વાસના ટળતાં ન આતમ હું ટળું,
શુદ્ધાત્મ નિજ પર્યાયમાં આવિર્ભાવે હું મળું. ૮૬

જે આત્મજ્ઞાની આતમા તે ઓળખે મુજને ખરો,
અજ્ઞાની તનુને ઓળખે મુંજાય થાતો ગળગળો,
જે દેહના તે દેહીયો ને આત્મના તે જ્ઞાનિયો,
જે આત્મના છે જ્ઞાનિયો તે પામતા સુખ વાનિયો. ૮૭

ઓળખાણ નામને દેહથી ઓળખાણ સાચું નહીં કદી,
જે નામરૂપે ઓળખો તે હું નહીં માયા બધી,
આવો અમારી પાછળે આતમ મ્હને દિલ પારખી,
સાત્વિક પરાભક્તિ બળે થાશે દશા નિજ સારિખી. ૮૮

આતમ અમર નિજ જાણજો તન મન ક્ષણિક છે જાણવું,
સહુમાં અને સહુ ભિન્ન એવું બ્રહ્મ દિલમાં આણવું,
આ વિશ્વનો છે બાગ તેનો સ્વામી આતમ જાણવો,
જો મોહથી મુંઝાય ના તો શુદ્ધબ્રહ્મ પિછાણવો. ૮૯

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નિર્મોહથી જો ઈન્દ્રિયો પાંચે પ્રવર્તે નિજગુણે,
જો મોહવણ મન ચિંતવે તો નિર્બંધ આતમ સદ્ગુણે,
વિષયો ન બાંધે આત્મને ઉપયોગથી આતમ જગે,
પરબ્રહ્મમાં પ્રીતિ પરા આનંદ વ્યાપે રગરગે. ૯૦

જે મન અને વિષયો વિના આનંદ રસ પ્રગટે ખરો,
તે બ્રહ્મરસ ઘટ જાણવો પામ્યો જ ભવજલધિ તર્યો,
આતમરસે રસિયા થયા બંધાય નહિ વિષયો વિષે,
સર્વે કરે ન્યારા રહે આસક્તિ વણ નિર્મલ દિસે. ૯૧

(ભજનપદ સંગ્રહ, ભાગ-૧૦માંથી સાભાર)

## સત્ય શોધી લીધું...

મેં શોધ્યું જગતમાંહિ સારું રે, મને લાગ્યું અંતરમાં પ્યારું રે,
પુદ્ગલ શોધ્યું સુખ ન ભાસ્યું, મેં ચેતનમાં સુખ ધાર્યું રે. ૧

સ્વરૂપ શોધી લીધું મારું, મ્હારું ત્હારું મેં મનથી વાર્યું રે,
જડમાં રહું પણ જડથી ન્યારો, હવે ઈન્દ્રિય સુખ વિસાર્યું રે. ૨

રાગદ્વેષ વૃત્તિથી ન્યારો, શુદ્ધ ચેતન હું એ વિચાર્યું રે,
રમું હવે હું ચિદાનંદમાં, શ્રદ્ધા ભક્તિમાં મન ઠાર્યું રે. ૩

મોજ મઝામાં મન નહિ લાગે, મન મર્કટ તો હવે હાર્યું રે,
પ્રેમના પ્યાલા પીધા પ્રેમે, સુખ શાશ્વત દિલ ઉતાર્યું રે. ૪

તેજતણું પણ તેજ લહ્યું મે, મને રત્ન જડ્યું અણધાર્યું રે,
બુદ્ધિસાગર મંગલ લીલા, શોધ્યું બ્રહ્મ સ્વરૂપ મુજ સારું રે. ૫

(ભજનપદ સંગ્રહ, ભાગ-૪માંથી સાભાર)

❖ ❖ ❖

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# Beyond Doubt

**Acharya Padmasagarsuri**

Adi Shankaracharya established his Matha[1] in Sringeri, in South India after being influenced by what he saw there, before constructing the matha. The great Acharya was looking for a suitable land to establish his monastery. While on the move, he travelled to South India. He was a witness to a very strange and peculiar happening. He saw a cobra spreading the hood over an acutely injured frog, tortured by the hot sun unable to move to the shade of a nearby tree.

He stood bewildered at what he saw before his eyes. The frog has always been a prey of the snake, how then the snake was so kind and compassionate in his behaviour towards its food, its prey. Shankaracharya could not believe what he saw, but it was all true and a common scene for the people and ascetics living in that holy land. Many years ago, an ascetic named Sringeri, practised penance there and was extremely compassionate and equanimous towards all creatures.

The creatures living there were also affected by the presence of the great Yogi and their mutual instinct of enmity turned to love and compassion. Hence the entire surrounding was also sacred and peaceful.

This incident is only 1200 years old. It is not at all astonishing but most natural that before 2500 years whereever Lord Mahavira preached and travelled, must have been such a scred and holy place. Within twelve yojanas i.e. seven miles in all directions from the person of Lord Mahavira the whole surrounding became peaceful since the element of violence was removed from everyone's thoughts and deeds.

The deeds of all creatures became pious and non-violent as the wave-length (thoughts) of each mind would be syncretized by the speech and presence of the Supreme Lord. A person naturally feels

1. monastery,

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



fresh and relaxed when he steps into his house after the day's task; so also when a person stops hankering after sense-pleasures and gives up passions, like anger, conceit, deceipt, and greed, he experiences great happiness and bliss. Indrabhuti, the greatest of the great scholars of his times too experienced great bliss and happiness on the very sight of Lord Mahavira in the Samavasarana.

## CHAPTER 3

One who pays homage and reverence to great sages is blessed with all kinds of worldly pleasures and also with Atmananda i.e. bliss infinite. What to speak of the rewards that one acquires on paying obeisance to the great saints. The reward that one gains cannot be explained but only experienced, since it is beyond the most powerful speech and imagination.

As soon as Indrabhuti entered the Samvasarana, he was elated and joyous. He was convinced that the person seated on the throne was none other than the perfect Tirthankara possessing infinite knowledge, faith, conduct and power. The Rigveda also regards these personages to be great and compassionate.

"ऋषभादिवर्धमानान्ताः जिनाः" "चतुर्विंशतितीर्थंकराणां शरणं प्रपद्ये"

The Vedas have also recorded and composed mantras[1] of Lord Shantinatha[2] and Lord Arishtanemi[3]. The ex-President of India. late Dr. S. Radhakrishnan has written in his world-famous volume EAST AND WEST" that Jaina philosophy is as ancient as Vedanta philosophy and Jaina faith (religion) is also as ancient as Vedanta faith. On seeing Lord Mahavira, Indrabhuti realised that it was impossible for him to deafeat Him. He could not give up the idea of competing, for this would leave a very bad impact on his disciples and also on the general public.

Continue...

1. incantation, 2. 16th tirthankara, 3. 22nd tirthankara and cousin of yogishwar shri krishna

For Private and Personal Use Only

# उमेटा मंडन संभवनाथ जिन स्तवन

मुनि श्री सुयशचंद्रविजय

भक्तिनी लीलाशनो एक पर्याय एटले साहित्यनो स्तवन प्रकार...

कवि हृदये अनुभवेली भावसृष्टिनुं स्पर्शन माणी शकाय छे, स्तवनना माध्यमे...

भक्तिरस सभर एवुं ज एक संभवनाथ परमात्मानुं स्तवन अत्रे प्रकाशित कर्युं छे. परमात्मानी आंगी अने स्वरूपना वर्णनथी रचनानो प्रारंभ थयो छे. स्तवन कुल १३ कडीओमां पूर्ण थाय छे.

कृतिनी दशमी कडीमां मही नदीना तटे उमेटानो अने ए समयमां त्यांना राजा नाहरसंघ(नाहरसींघ)नो उल्लेख थयो छे. तो छेल्ली कडीमां उमेटाना श्रावकोनो अने एमनी आराधनानो पण अछडतो उल्लेख जोवा मळे छे. कृतिनी अंतिम कडीमां जणाव्या अनुसार कविए वि. सं. १८७२मां आ कृतिनी रचना करी छे.

कृतिना अंते पोताना गुरुनो उल्लेख जोतरत्न स्वरूपे कर्यो छे. जे प्रायः जीतरत्न होवा संभवे छे. उमेटामां ज कविए आ स्तवननी रचना करी होय एवी संभावना छे. ए सिवाय अन्य कोई विगत प्राप्त थई नथी.

## उमेटा मंडन संभवनाथ जिन स्तवन

॥र्द०॥

*॥ नदि(दी) जमुना केरा तीर उडे दोइ पंखीआ – ए देशी ॥*

संभव जिननी आंगी मुझ मन अति वसी,
नी(नि)रखीत लोचन नीरथी हृदयकुंपल हसी।
मुखकमलनो कटको चंद समो उपतो,
अमीअ झरे निज अंग कें ससीनें जीपतो ॥१॥

रूपे मनोहर दिनकर तेजे दीपतो,
शांत स्वभाविं प्रभुजी वेरीनें जीपतो।
राग धे(द्वे)ष दोअ वेरी कषाय छांडी करी,
थआ अनुभव वरराजा किं(कें) सी(शि)वरमणी वरी ॥२॥

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



अलख नी(नि)रंजन रूप अभेद थिरता करी,
रह्या लोकाग्रह भाग कें जोवे सहना चरी।
गती(ति)-आगत(ति)ना भाव सहु जि(जी)वना लहो,
सुक्षम-बादर भेद कें त्रसना तुम्हे कहो ।।३।।

तुमथी अजांणी वस्तु नहिं त्री(त्रि)लोकमां,
निरखो भाव अभाव कें जांणो स्तोकमां।
आदि अनागत वर्ते जे जग-जीवनी,
लोकालोक प्रकाश कें साहिब धणी ।।४।।

भवोदधितारण नाव बेसारी तारीइं,
ज(य)स गुणवार्धि अपार कें क्रिया सारीये।
सी(शि)वमंदिरमां बेठा कहो कुण जांणसे,
जो प्रभु तारो आज तो सहुइं पछांणसे ।।५।।

सरणे आव्या स्वामी तार्या केईनें,
अविनाशी थई बेंठा खजानो लेईने।
तार्या आपे अनेक कें अम वारे नहिं,
कोसरि[१] करता राज कें अम्हे निसुण्यां कहिं ।।६।।

एक वाहलो अलखामणो साहिब मत करो,
वहिरो करतां राज कें समता नवि वरो।
उत्तम मध्यम मेह न जोवें भु(भू)मका,
गरूयां नांणइं गरव कें मनमां खुंमका ।।७।।

सेवक (चरणे) आव्या नजीक कें तेह न उवेखीइ,
ही(हि)त करीने चित्तचुंप कें सेवक लेखीइ।
गुनहो होइ तो प्रभुजी मुझनें भाखीइ,
चाकरी मांहिं चु(चू)क होई तो दाखीइ ।।८।।

कु(कू)ड-कपटना छी(छि)द्र अछइ मुझमां घणा,
जोतां तो नवि पु(पू)रवे अहो सेवक तणा।

---

१. करकसर

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ते माटे (प्रभु) तारो मुझ दआ करी,
उतारो भवपार (कें) तारक मआ करी ।।९।।

पी(पि)ता जीतारि सेनाकुंखें अवतर्या,
कुल अजुंवाल्यो राज कें सी(शि)वलछि वर्या।
महि(ही)तट सि(स)र(रि)ता निकट उमेटो सहु सुणो,
राज करे **नाहरसंघ** कें गढ रलीआंमणो ।।१०।।

**संभवनाथ** वी(वि)राजे तेणें हांमे सही,
पूजा रची जिन अंग कइं(कें) हरखसु उमहिं (ही)।
**उमेटा**मांहि श्रावक धरमधोरी घणा,
तप जप क्रिया खरचवें नवि राखे मणा ।।११।।

**संवत १८ (अढार) बारोतरि संभवनाथनी,**
आंगी रची अति प्रेम कें नी(नि)रमलभावनी।
केसर चंदन फुलपगर महकें घणा,
कपु(पू)र घसी घनसारसुं करि(री) तिहां छांटणा ।।१२।।

ए पु(पू)जा जिनराजनि(नी) भवनी(नि)स्तारणी,
नरक तणा दुख दोहग घाट नी(नि)वारणी।
**श्रीजो(जी)तरत्न** गुरु चरणकमल भावइं नमी,
**राजरत्नमुनी(नि)** भाखइं कें पूजा मन गमी ।।१३।।

***।।इति श्री उमेटामध्ये संभवनाथ वी(वि)राजमान तेहनो स्तवन संपूर्ण ।।***

***।।लखी(खि)तं गलाल ।। श्री शुभं भवतु ।।***

❖ ❖ ❖

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# बे अप्रगट लघुकृति

हिरेन के. दोशी

मध्यकालीन साहित्यना आकाशमां लघुकृतिओ तारा जेवी टमटमे छे. तारानी संख्यानी जेम आ साहित्यमां मळती लघुकृतिओनी संख्या पण ध्यान खेंचे एवी छे. आ प्रकारनी लघुकृतिओनी रचना थती होय छे त्यारे खास करीने रचना समयना आसपासना वातावरणना भाव पण एमां बंधायेला होय छे, अने एटले ज रचनाकारे अनुभवेलुं भावसौंदर्य आपणने साचा अर्थमां भावक बनावे छे. साचा अर्थमां भावक बनावी आपती आवी ज बे लघुकृतिओ अत्रे प्रकाशित करी छे.

(१)

अत्रे प्रकाशित पैकीनी प्रथम कृति विजयप्रभसूरि स्वाध्याय छे. अने द्वितीय कृति विजयाणंदसूरि स्वाध्याय छे. प्रथम क्रमांके प्रसिद्ध करायेल कृतिना वर्णनने जोता विजयप्रभसूरि स्वाध्यायना बदले विजयप्रभसूरि गंहुली कृतिनुं आवुं नाम कृतिनी वधारे समीप होय एवुं लागे छे. कृतिमां कुल नव कडी छे.

प्रस्तुत कृतिना अंते मळता 'श्रीनयविजयबुधरायनो, सीस...' आ उल्लेखथी रचनाकार महामहोपाध्याय श्री यशोविजयजी म. सा. संभवाना थाय छे. कृतिनी रचनाशैली अने भावभंगिमांने माणता आ रचना पू. महोपाध्ययजी म. सा.नी होवा बाबतनी संभावना पुष्ट थाय छे.

गच्छपति प्रत्येना अहोभाव शब्दोमां कांईक आ रीते उतारता तेओ कहे छे के 'भमरो मालतीने जोईने, चकोर चंद्रने जोईने, हंस मानसरोवरने जोईने, मोर वादळने जोईने, चकवो चकवीने जोईने, झवेरी हीरा अने मणिने जोईने, तेमज भोगविलासी जीवो वसंतने जोईने प्रसन्न थाय छे, आनंदित थाय छे एम गुरुने जोईने मारुं हृदय विकसित बने छे, प्रसन्नता पामे छे.'

तो गच्छपतिना स्मरणने जणावता तेओ कहे छे के आंबो जोईने कोयल आनंदित बने छे, तेम गच्छपतिनुं स्मरण अमने आनंदित, पुलकित बनावे छे. उपरोक्त आलेखायेला सुंदर-सुंदर कल्पनो पू. महोपाध्यायजीना प्रचलित विविध स्तवनोमां जोवा अने माणवा मळे छे.

तेमज छेल्ली बे कडीमां प्रयुक्त आनंदनी एंधाणीओ आपती आज भले दिन उगीओ, सुरतरु फलीयो गेह जेवी आं कृतिनी काव्यपंक्तिओ पू. महोपाध्ययजी महाराजनुं ज सर्जन होवानी साक्षी पूरे छे.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



प्रस्तुत कृति आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिरमां प्रत नं. ८४५४८मां संगृहीत छे. वि. सं. १९मी सदीमां लखायेली आ प्रतना एकथी चौद सुधीना पत्नो अनुपलब्ध छे, ज्यारे पंदरथी अढार नंबरना पत्नोमां कुल बार कृतिओनुं आलेखन थयुं छे.

प्रत परिमाण २५.५०x१० छे, अने पत्रनी कुल १६ लाईनमां ५३ जेटला अक्षरोनुं आलेखन थयुं छे. प्रतनी किनारीनो भाग अधिक उपयोगना कारणे साधारण खंडित थयेलो छे. कृतिना आलेखनमां विशेष पाठ दर्शाववा तेमज गाथांक सूचववा माटे लाल रंगनो वपराश थयेलो छे.

(२)

प्रस्तुत कृति विजयाणंदसूरिजीनो सामान्य परिचायक स्वाध्याय छे. प्रस्तुत कृति नव कडीमां रचायेली छे. कविए प्रारंभनी बे गाथाओमां विजयतिलकसूरिना पट्टधार अने तपागच्छना शणगार तरीके विजयाणंदसूरिनो परिचय प्रस्तुत कर्यो छे. आगळनी कडीमां माता-पिता, अने पोरवाड ज्ञाति प्रत्ये धन्यतानो भाव दर्शावी कविए विजयाणंदसूरिजी प्रत्येनो अहोभाव व्यक्त कर्यो छे.

माता-पिता, भुआ सेंजबाई अने चारेय भाई वैराग्यवासित होवानो उल्लेख करी, विजयाणंदसूरिजी महाराजना दीक्षा नामनो उल्लेख करे छे. आ ज कर्ता द्वारा रचायेल विजयाणंदसूरि रासमां मुगथला महावीर (मुछाळा)मां हीरविजयसूरिना उपदेशथी शा .श्रीवंत अने शणगारदेना चतुर्थव्रत स्वीकारनो अने चारेय पुत्नो मोटा थाय त्यारे चारित्न ग्रहणनुं वचन आप्यानो उल्लेख मळे छे.

प्रस्तुत कृतिमां स्थानाभावने कारणे दीक्षास्थान, दीक्षासमय जेवी विगतोनो उल्लेख करवानुं कविए टाळ्युं छे. प्रस्तुत कृतिमां मळतो सेंजबाईनो वैराग्यवासित होवानो के दीक्षा लेवानो उल्लेख विजयाणंदसूरि रासमां प्राप्त थतो नथी.

विजयाणंदसूरिनी पट्टस्थापनानो उल्लेख अने ए निमित्ते थयेली प्रभावनानो उल्लेख करी, कवि एमना गुणोनुं वर्णन करे छे, विजयाणंदसूरिनो प्रताप विस्तरे एवा भाव अने अहोभाव पूर्ण मनोरथो साथे कृतिनुं समापन थाय छे.

प्रस्तुत कृति आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिरमां प्रत नं. २८३९६मां संगृहीत छे. प्रतमां आ कृति सिवाय अन्य एक नेमराजिमती स्तवननुं आलेखन थयुं छे.

विक्रमनी ओगणीसमी सदीमां आलेखायेली प्रतनुं परिमाण १६.५०x११ छे, अने पत्ननी कुल ११ लाईनमां १८ जेटला अक्षरोनुं आलेखन थयुं छे. कृतिनुं आलेखन प्रतमां उभु थयुं छे. अंक अने दंड माटे खाली जग्या राखी छे. आ प्रत अने कृतिनी विशेष विगत कैलासश्रुतसागर ग्रंथ सूचि भाग - ७मां प्रकाशित थयेल छे.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## (१) विजयप्रभसूरि स्वाध्याय

आज आणंदी(दो) हे सखी, भेट्य(या) तपगछराय [हो]लाल।
सहज सलूणां साहिबा, श्रीविजेप्रभु(भ)सूरीराय हो लाल ॥१॥
गछपति वेग पधारीए, वाज्या भुंगा(ग)ल-ढोल हो लाल।
घरि-घरि हुवा वधामणा, घरि-घरि अतिरंग हो लाल ॥२॥ (आंकणी)

**गछपति वेग...**

कोकिलकंठे कांमिनी, संझि करी सोल श्रृंगार हो लाल।
ओढ पीतांबर पांसडी, गले टंकावली हार हो लाल ॥३॥

**गछपति वेग...**

मृग्या(ग)नयणी टोले मीली, गावे गीत रसाल हो लाल।
सुगुर(रु) वधावे रंगस्युं, भरि-भरि मोत्यां थाला हो लाल ॥४॥

**गछपति वेग...**

जिम भमरा मन मालती, जिम सखी चंद चको[र] हो लाल।
मांनसरोवर हंसली, जिम जलधर में मोर हो लाल ॥५॥

**गछपति वेग...**

जिम चकवा वित दि(ही)र-मणी(णी), विलसे मास वसंत हो लाल।
तिम निरखुं गुरु माहरा, रिदयकमल विह(क)संत हो लाल ॥६॥

**गछपति वेग...**

अहनिस समरुं हुं सदा, कोयल अंब रसाल हो लाल।
तिम हुं तुझ समरुं सदा, साहिबीया सुक(कु)माल हो लाल ॥७॥

**गछपति वेग...**

आज भले दिन उगीओ, सू(सु)रतरु फलीहो(यो) गेह हो लाल।
भेट्या तपगछराजवी, दुधे वुठा(ठ्या) म(मे)ह हो लाल ॥८॥

**गछपति वेग...**

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**श्रीविजयप्रभसूरिसरु**, पूरो संघ जगीस हो लाल।
**श्रीनयविजयबुधरायनो, सीस** कहे आसीस हो लाल ॥९॥

**गछपति वेग...**

## (२) विजयाणंदसूरि स्वाध्याय

सरसति मति द्यो अति सारि(री), गाउं **विजयत(ति)लक** पट्टधारि(री)।
जस गुण गाय सू(सु)र-नारि लला हो, **श्रीविजयाणंदसूरिवंदिइ** ॥१॥
तपगच्छनो सिंणगार लला हो, मुख देखी मन आणंदिइं।

धन धन **सां(श)णगारदे** मात, धन धन **सा श्रीवंत** तात।
वळी धन **पुरवाडनि(नी)** न्यात लला हो, श्रीविजयाणंदसूरि वंदिइ ॥२॥

मात तात भुआ **सेंजबाइ**, वैरागें चारेइ भाइ।
हीरे द(दी)क्षा दिधी उमाहि लला हो, श्रीविजयाणंदसूरि वंदिइ ॥३॥

थया **कमलविजय** अणगार, विद्याइ वि(व)इ(य)र कुमार।
पाले पंच महाव्रत सार लला हो, श्रीविजयाणंदसूरि वंदिइ ॥४॥

**श्रीविजयत(ति)लकसूरि** मन आणि, पद थापें बहु गुण जाणि।
बोलें सासनादेवी वाणी लला हो, श्रीविजयाणंदसूरि वंदिइ. ॥५॥

पद मो(महो)छव लाहो लीध्यो, **संघवी मेहाजल** कीध्यो।
पीरोजी घर-घर दि(दी)ध लला हो, श्रीविजयाणंदसूरि वंदिइ. ॥६॥

रुप देखीनें रतिपति लाजें, जस किरति पढो(ट)हो वाजें।
तपगच्छ ठुकराइ छाजें लला हो, श्रीविजयाणंदसूरि वंदिइ. ॥७॥

कुमतिनो संग निवारें, **वि(वी)र हीरना** वचनां संभारे।
इम नर-नारिनें तारें लला हो, श्रीविजयाणंदसूरि वंदिइ. ॥8॥

पहुचाडो संघ जगीस, गरु प्रतयो कोड वरीस।
दिं(दीं) **रि(ऋ)द्धिविजय** आसि(शि)स लला हो, श्रीविजयाणंदसूरि वंदिइ. ॥9॥

❖ ❖ ❖

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# एक पुरातन प्रतिमानो परिचय

**मुनि श्री सुयशचंद्रविजय**

ऐतिहासिक सामग्री जाळववी ते एक वात अने ते जाळवेली सामग्रीने तत्सम के अन्य तद् विषयक सामग्री मेळवी लोको समक्ष ते वस्तुने ऐतिहासिक सिद्ध करवी ते बीजी वात. जैन समाजे आवी केटलीय सामग्रीओने जाळववानो प्रयत्न तो कर्यो ज छे, साथे साथे ते सामग्रीओना उपयोगथी नवा-नवा घणां ऐतिहासिक पदार्थो रजु पण कर्या छे. आपणे त्यां मळता प्राचीन/अर्वाचीन शिलालेखो, प्रतिमा लेखो, ताम्रपत्रो, पुष्पिकाओ उपरोक्त बाबतमां विशेष नोंध पात्र छे. आपणे अहिं एक एवी ज ऐतिहासिक प्रतिमा अंगे विचार करीशुं.

प्राचीन-अर्वाचीन बन्ने परंपरामां प्रतिमानी पाछळना भागमां पाटली उपर के आजु-बाजु पडखे गादी उपर संवत्, तिथि, ज्ञाति, वंश, गोत्र, गच्छ, गुरूभगवंतनुं नाम, परमात्मानुं नाम, प्रतिमा भरावनार श्रावक-श्रावकादिनुं नाम, स्थान के प्रतिमा भराववानुं प्रयोजन जेवी प्रासंगिक माहिती अल्प शब्दोमां नोंधाती. क्यारेक तो फक्त संवतना आलेखन द्वारा प्रतिमा स्थापन काळनी नोंध रजू कराती.

क्यारेक काळक्रमे के वाळाकुची वगेरेना घसाराथी ते लेखो तो शुं प्रतिमाना आंख, नाक, मुखारविंदने पण घणुं नुकसान पहोंचतु. आवा समये प्रतिमाजीनी रचना शैलीने ओळखी तेना स्थापन समयनो निर्णय करवो अघरो थई पडतो. पण त्यारे जो परिकरादिथी युक्त प्रतिमा होय तो तेना परथी समयनो अंदाज काढवा प्रयत्न करता. प्रस्तुत लेखमां (अंदरना आवरण पृष्ठ उपर प्रकाशित) आपणे एवी ज एक धातु प्रतिमाजीना समयनो तेमज प्रतिमाजीनो परिचय करीशुं.

भव्य मुखाकृति, उन्नत शिखा, दीर्घ कर्ण, सप्रमाण शरीर आवी तो घणी विशेषताओ प्रथम दृष्टिए ज हृदयमां अहोभाव प्रगटावे छे. साथे साथे प्रतिमाजीना ज एक भाग रूपे रहेलुं जिन परिकर प्रतिमानी सुंदरतामां वधारो करे छे.

मूळनायक पार्श्वनाथ प्रभुनी बन्ने बाजु नाळबद्ध कमळ पर कायोत्सर्ग आसने स्थिर बे जिनेश्वर परमात्माने जाणे शरीरनुं आभामंडळ होय तेवुं सुंदर परिकर छे. लांछन न होवाथी ते बे परमात्मा कया छे ते नक्की थइ शकतुं नथी. प्रतिमाजी त्रितीर्थी छे. मूळनायक परमात्मानी आजु-बाजुमां बिराजमान काउसग्गीया प्रतिमाजीना भामंडळनी किनारीओमां कमळपांदडी अने वेलीनुं अंकन जोवा मळे छे. तो उपरना भागे रहेलुं छत्र परमात्मानी शोभामां अभिवृद्धि करे छे.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मूळनायक प्रभुजी पद्मासनमां कमळना आसन पर बिराजमान छे. वळी ते कमळ पण धरणेंद्र-पद्मावती द्वारा पूछना अग्रभागथी धारण करायुं छे. ते ज रीते जाणे हजु पण प्रभुनुं रक्षण न करी रह्या होय तेवो भाव दर्शाववा प्रभुना मस्तक उपर फणाने धारण करता देखाय छे. तो प्रभु प्रत्येना समर्पण भावने व्यक्त करवा धरणेन्द्र अने पद्मावती कमलासीन परमात्मानी समीपे अंजलीमुद्रामां बिराजमान थयेला जोवा मळे छे.

धरणेंद्र-पद्मावतीनी बन्ने बाजु सोळ विद्यादेवी पैकीना अच्युता अने वैरूट्यादेवीनी प्रतिमा जोवा मळे छे. तेनी नीचे नेमिनाथ प्रभुना यक्ष तथा यक्षिणीनी मूर्ति छे. मूर्ति उपर देव-देवीना नामो नथी परंतु तेना आयुधो-वाहनो उपरथी ज नामो नो निर्णय करवो पडे छे.

आयुध

| देव-देवी | वाहन | डाबा हाथे | जमणा हाथे | |
|---|---|---|---|---|
| *वैरूट्या* | *अजगर* | *तलवार-सर्प* | *खेटक(?) सर्प* | *विद्यादेवी* |
| *अच्युप्ता* | *घोडो* | *बाण-तलवार* | *ढाल-धनुष्य* | *विद्यादेवी* |
| *गोमेध* | *कमळ* | *चक्र* | *नोळियो* | *यक्ष(नेमिनाथ)* |
| *अंबा* | *कमळ* | *आम्रलुंब* | *बाळक* | *यक्षिणी (नेमिनाथ)* |

अहिं कलमासन उपर स्थापन थयेला गोमेध यक्षनुं मूळ वाहन नर छे, तेमज मूळनायक परमात्माना डाबा हाथे स्थापन थयेल अंबा देवीनुं मूळ वाहन सिंह जाणवुं.

अहिं एक प्रश्न उभो थाय के जो मूळनायक रूपे पार्श्वनाथप्रभुनी प्रतिमाजी होय तो नेमिनाथ प्रभुना यक्ष-यक्षिणी ने अहिं शा माटे मुकाया? त्यार पछी प्रतिमाना नीचेना भागे नव ग्रहनी आकृतिओ छे. अने तेनी बराबर नीचे सिंहासनस्थ कोई अधिष्ठायकनी के कां कोई श्रेष्ठिनी दाढी सहितनी जनोईवाळी मूर्ति छे. जो के ते कोनी छे ते अंगे निर्णय करवो घणो कठिन छे.

प्रतिमाजीनी शैली अंगे विचारता एवुं लागे छे के आ आकोटा शिल्पनी मूर्ति हशे. आवी मूर्तिओ घणा वखत पूर्वे आकोटा (वडोदरा)मांथी नीकळेली. जे आकोटा शिल्पना नामे ओळखाणी. ते प्रतिमाना परिकरादिमां पण प्रस्तुत शैली ज जोवा मळी हती, आथी ज अनुमान थाय छे के आ प्रतिमाजी पण आकोटा शैलीनी ज हशे. जो के महाराष्ट्रमां आ मूर्त्तिनुं स्थळांतर केम थयुं? क्यारे थयुं ते तो प्रश्नरूपे ज रहेशे?

❖ ❖ ❖

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# हस्तप्रत परिचय

गजेन्द्र पढियार

गंडी कच्छवि मुट्ठी, संपुडफलए तहा छिवाडी य।
एयं पुत्थयपणगं, वक्खाणमिणं भवे तस्स ॥

आज के कम्प्युटर व मुद्रण युग में शास्त्रों के हस्तप्रत स्वरूप में लेखन, पठन-पाठन आदि की परंपरा प्रायः बहुत ही कम हो गई है. मुद्रण में प्रारंभ कालीन मुद्रण व आधुनिक मुद्रण में भी काफी परिवर्तन दिखाई देता है. मुद्रण युग के प्रारंभ कालीन शिलाछाप, लिथोप्रिन्ट आदि के ग्रंथ भी दुर्लभप्राय हो चुके हैं. हस्तप्रतलेखन तो उससे भी आगे की बात है. आज इस विषय में कुछेक जगह जागृति आई है, लोगों में हस्तप्रतों के प्रति जिज्ञासा बढती जा रही है. फिर भी यूँ देखा जाय तो लोगों को हस्तप्रत के बारे में पर्याप्त जानकारी नहीं हैं, हस्तप्रत शब्द से भी कई लोग अनजान हैं. लोगों की जिज्ञासा संतृप्त बने व श्रुतसंरक्षण, संवर्धन आदि में उपयोगी बने इस भावना से यहाँ हस्तप्रतों का साधारण परिचय देने का एक नम्र प्रयास किया जा रहा है.

हस्तप्रत अर्थात् हाथों से लिखी गई विषयवस्तु. वैसे आज भी डायरी, नोटबुक आदि में कई विवरण हाथों से ही लिखे जाते हैं, फिर भी उसे वर्तमान व्याख्या में हस्तप्रत नहीं कहा जाता है. हस्तप्रत शब्द प्राचीन साहित्य के लिए विशेषतः प्रयुक्त होता है. 'हस्तप्रत' शब्द सुनते ही एक अलग छवी नजर के सामने उभर आती है.

हस्त यानी हाथ, प्रत यानी प्रति, पुस्तक. हाथों से लिखी गई जो प्रति उसे कहते हैं हस्तप्रत. पहले तो मौखिक ही सुनकर श्रवण के माध्यम से शास्त्रपाठ लिया/दिया जाता था. श्रवण के माध्यम से प्राप्त होने वाले ज्ञान को ही श्रुतज्ञान कहा गया है. समयान्तर स्मृतिशक्ति कम होने के कारण ग्रंथों का लेखन कार्य प्रारंभ किया गया. सर्वप्रथम लिखी गई प्रति के ऊपर से कालक्रम में उत्तरोत्तर अन्य प्रतियाँ बनने लगीं जिन्हें प्रतिलिपि कहा जाता है, इस प्रतिलिपि शब्द पर से प्रति व क्रमशः प्रत शब्द का प्रचलन हुआ हो ऐसा अनुमान लगाया जा सकता है. एक संभावना यह भी है कि बहुत से पन्नों की परतें जिसमें हो वह है प्रत. इस प्रकार हस्तप्रत शब्द समाज में प्रयुक्त हुआ. हस्तप्रत को पाण्डुलिपि भी कहते हैं. पाण्डु यानी पीला. पहले शास्त्रपत्र पीले वर्ण से रंगे जाते थे (आज भी जैनेतर प्रतों में मिलते हैं) अतः पांडु रंग के पत्रों के ऊपर लिपिबद्ध जो ग्रंथ, वह है पांडुलिपि.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



विविध सदियों में विविध प्रतिलेखकों द्वारा लिखित हस्तप्रतों में काल, क्षेत्र, परंपरा (जैन, जैनेतर, राजकीय, व्यापारी एवं धर्मों में भी संप्रदाय विशेष यथा-श्वेताम्बर, दिगम्बर प्रतों में दिखने वाला स्पष्ट भेद) प्रतिलेखक की कक्षा, उपयोगिता लेखन आधार-लिप्यासन आदि अनेक परिबलों के चलते वैविध्य नजर आता है. जितनी प्रतें उतनी विविधताएँ प्रायः होती हैं. प्रत्येक प्रत की अपनी-अपनी कुछ न कुछ विशेषताएँ होती हैं, फिर भी कुछेक अवधारणाओं के आधार पर परंपरा से आकार व प्रकारों का प्रचलन पाया गया है.

हस्तप्रतों के मुख्य दो स्वरूप हैं- बाह्य एवं अभ्यंतर. बाह्य प्रकार यानी हस्तप्रत का दृश्यमान आकार-प्रकारमय बाहरी भौतिक स्वरूप. अलग-अलग स्वरूप की प्रतों को पहचानने के लिए आगमों में तदनुसार अलग-अलग नाम भी प्रचलन में थे. जो निम्न लिखित हैं-

१. गंडी २. कच्छपी ३. मुष्टि
४. संपुटफलक ५. छेदपाटी

इस के अलावा अन्य भी कई प्रकार बाद में प्रचलित हुए, इन में से कुछ प्रकार यह है कि-

१. गडी २. गोल ३. गोटका

किस प्रकार की प्रतों को गंडी आदि कहा जाता है? उसके बारे में कुछ विस्तार से देखते हैं. यथा-

**१. गंडी :-**



जिस प्रत की मोटाई व चौडाई एक समान एवं लंबाई उससे कुछ विशेष होती है, ऐसी गंडिका समान प्रतों को गंडी कहते हैं. इस प्रकार की प्रतों में ताडपत्रीय ग्रंथ विशेष होते हैं एवं ताडपत्र की तरह लिखी गई कागज की कुछेक प्रतों को भी गंडी कहा जाता है.


For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**२. कच्छपी** :- वैसे प्रतों या ग्रंथों की जब भी बात आती है तो एक निश्चित आकार-प्रकार के साहित्य की छवि नजर के सामने उपस्थित होती है. उसमें लंबाई वाले या चौड़ाई वाले प्रचलित दो-तीन प्रकारों का ही खयाल आता है. लेकिन हस्तप्रत साहित्य में साधारण प्रकारों के अलावा अन्य भी कई प्रकार होते हैं. उस प्रकार की प्रतें भले मात्रा में कम हों, लेकिन हैं अवश्य. ऐसा ही एक प्रकार है कच्छपी. यह प्रत अपनी दोनों किनारीयों से सीकुडी हुई एवं बीच में से फैली हुई होती है. अर्थात् कछुए की तरह उसका आकार होता है. इसीलिए ही उसका नाम कच्छपी रखा गया है.

**३. मुष्टि** :-



बिलकुल छोटे पन्नों वाली पोथी, जिसे मुट्ठि में रखकर कहीं भी ले जाया सके ऐसी प्रत को मुष्टि कहते हैं. मुट्ठी में रख पाने के कारण मुष्टि कहा जाता है. मुष्टि पोथी दो प्रकार की होती है, एक चार अंगुल लंबी व गोल होती है, दूसरी चार अंगुल की चतुरस्र होती है. वैसे मुष्टि का प्रमाण चार अंगुल का ही माना गया है, फिर भी थोडे-बहुत कम-ज्यादा अंतर वाली छोटी पोथी को भी मुष्टि प्रकार में समाविष्ट किया जा सकता है. वह चौरस या लंबचौरस हो तो भी इस में गिना जा सकता है. जाहिर जगह पर सहज उपयोग हेतु व देशांतर साथ ले जाने हेतु उपयोगिता के आधार से यह बनाया जाता था.

For Private and Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**४. संपुट फलक :-** कागज, ताडपत्र व कपड़े पर तो लिखा ही जाता था, लेकिन कई जगह लकड़ी की पट्टी पर भी लिखा हुआ मिलता है. इस प्रकार लकड़ी की पट्टी पर लिखे हुए साहित्य को संपुटफलक कहते हैं. संपुट यानी दो-दो की जोडी में रही काष्टपट्टि पर लिखा गया जो साहित्य वह है संपुटफलक. देश में संपुटफलकों की संख्या प्रायः बहुत ही कम है फिर भी नमूने के तोर पर कुछेक संग्रहालयों में पाये जाते हैं.

**५. छेदपाटी (छिवाडी) :-** इस प्रकार की प्रतों में खास कुछ नहीं होता है, साधारण प्रत जैसी ही होती है, यानि लंबाई, चौड़ाई साधारण प्रत की तरह, लेकिन उसमें पन्नें बहुत ही कम होने के कारण उसकी मोटाई कम होती है. इस लिए उसको एक अलग प्रकार में रखा गया है और उसे छेदपाटी के नाम से जाना गया है. प्राकृत में उसका मूल नाम छिवाडी है, प्राकृत पर से संस्कृत में उसे छेदपाटी कहते हैं.

**६. गडी :-**






विविध प्रकार से मोड़ करके, तहबद्ध करके रखे गये लंबे चौड़े कपड़े या कागज के टुकड़े को गडी कहते हैं. इसमें प्रायः १४ राजलोक यंत्र, विविध प्रकार के कोष्ठक, विविध आराधना के पट्ट, ढाईद्वीप का नक्शा आदि चित्र होते हैं.

**७. गोल :-** साधारण चौडाई वाले कागज या कपड़े की लंबी पट्टी पर लिखी गई विषयवस्तु, जिसे उपयोग में न लेना हो ऐसे समय में गोल लपेटकर रखा जाता हो उसे गोल कहते हैं. अंग्रेजी में इसे स्क्रोल या रोल भी कहते हैं. ये रोल कई बार

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





२० मीटर लंबाई या कम-ज्यादा लंबाई वाले भी होते हैं. कई गोल लघु व अतिलघु कद के भी मिलते हैं. राजा, बादशाहों के फरमान, पुराने ज्योतिषिओं द्वारा बनाई गई जन्मकुंडली, पंचांग, जैन विज्ञप्तिपत्र, महाभारत, श्रीमद्भागवत् आदि के आलेख इस प्रकार के रोल में पाए जाते हैं.


**८. गोटका :-** सर्वसामान्य साधारण आकार वाली प्रत के पन्ने जिन्हें बीच में से पहले मोडते हैं, फिर सीलाई करके बांध दिया जाता है. फिर सीलाई वाले भाग से उसे मोड़ दिया जाता है, मोड़ देने पर वह दो भागों में हो जाता है. उसमें लिखावट किसी डायरी या नोटबुक की भाँति होती है, इस प्रकार की प्रतों को गोटका कहते हैं. इसमें कई बार लिखावट चौडाई वाले भाग से तो कई बार लंबाई वाले भाग से भी

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




की होती है.



गोटका के लिए एक साधारण व्याख्या करें तो कह सकते हैं कि पुराने जमाने का अधिकांश आडे या क्वचित् खडे लंबे आकार वाला सिलाईयुक्त व वेस्टन युक्त हस्तलिखित ग्रंथ.

गोटके मुट्ठि में आ जाएँ इतने छोटे से लगाकर बृहद्काय भी होते हैं.



अधिकांश गोटकों के ऊपर सुरक्षा हेतु आवरण के रूप में मजबूत सीलाई युक्त पूँठें भी लगे हुए रहते हैं. उन पूँठों के ऊपर भी कपड़ा लगाया हुआ रहता है. वह कपड़ा चिपकाया हुआ या सिलाई किया हुआ भी मिलता हैं. जिस प्रकार व्यवसाय में हिसाब-किताब हेतु खाताबही होती हैं वैसे गोटके होते है. कपड़े लगाकर पूँठों को मजबूत किया जाता है और उन मजबूत पूठों की वजह से गोटके की सुरक्षा व आयु लंबी हो जाती है. कई गोटकों में जहाँ सिलाई की होती है वहाँ (पीठ वाले भाग के) बीच में एक लंबी डोरी

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



भी दी हुई रहती है, उससे लपेटकर गोटकों को सुरक्षित बांधा जा सकता है.

पढने हेतु गोटके दो प्रकार से खुलते हैं- १) दाये-बाये खुलने वाले गुटके. २) ऊपर-नीचे खुलने वाले गुटके. गुटकों में खडी व आडि दो प्रकार की लंबाई में लेखन होता है.

हस्तप्रतों में कच्छपी, मुष्टि जैसे प्रकार क्यों है, उसके पीछे भी कुछेक कारण हैं, जैसे कि प्रतों के लिए ताडपत्र, कागज का कटिंग किया जाता था, उसमें से जो टुकडे निकलते थे, उसे वेस्ट न मानकर उसका भी उपयोग कर लिया जाता था. उपयोग में लेने के लिए उसे जो संभव हो, अच्छा लगे वैसा आकार देकर उपयोग में ले लिया जाता था. क्योंकि उस समय ताडपत्र, कागज बहुत ही दुर्लभ थे. जिस आकार में जो टुकडे मिले उसे यथासंभव एक योग्य निश्चित स्वरूप देकर ले लिया जाता था. इस कारण से भी हस्तप्रतों में विविधता नजर आती है.

हस्तप्रतों के उपरोक्त प्रकारों के अलावा वर्तमान में प्राचीन साहित्य के अन्य भी कई प्रकार उपलब्ध हैं. ताम्रपत्र, शिलापट्ट आदि पर भी ग्रंथ लिखे जाते थे.

इस लेख में प्रवचन सारोद्धार सिद्धसेनसूरि विरचित तत्त्वज्ञान विलासिनी वृत्ति एवं भारतीय जैन श्रमण संस्कृति अने लेखन कला का आधार लिया गया हैं व सम्राट संप्रति संग्रहालय, कोबा से चित्र दिए गएँ हैं.

---

(पेज नं. ३२नुं अनुसंधान)

**श्री महुडी तीर्थे दीक्षा प्रसंग :-**

दि. २५/०४/२०१५ को श्री महुडी (मधुपुरी) जैन श्वे. मू. पू. ट्रस्ट-संघ के उपक्रम में श्री महुडी तीर्थ के परम पवित्र प्रांगण में गच्छाधिपति प. पू. आ. भ. श्री मनोहरकीर्तिसागरसूरीश्वरजी म. सा., प. पू. आ. भ. श्री वर्धमानसागरसूरिजीजी म. सा., प. पू. आ. भ. श्री उदयकीर्तिसागरसूरिजी म. सा., प. पू. आ. भ. श्री प्रसन्नकीर्तिसागरसूरिजी म.सा., प. पू. आ. भ. श्री विवेकसागरसूरिजी म. सा., प. पू. आ. भ. श्री अजयसागरसूरिजी म. सा. आदि ६ सूरिवर्यो की एवं तीस से अधिक श्रमण श्रमणी भगवंतो की पुनित निश्रा में खेडा निवासी मुमुक्षु श्री ऋषभकुमार की भागवती दीक्षा का कल्याणकारी प्रसंग सानंद संपन्न हुआ. पुत्र के उत्कृष्ट त्याग को देखकर दीक्षार्थी के धर्मपरिणामी माता-पिता श्री हिरेनभाई एवं श्रीमती जयश्रीबहनने भी चतुर्थव्रत का ग्रहण किया.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# सोमसौभाग्यनुं विहंगावलोकन

**हीरालाल र. कापडिया**

'जैन साहित्य' एटले विविध विषयोनी जातजातनी भाषामां मनोहर फूलगुंथणी. आम होवाथी आपणने प्राग्-ऐतिहासिक तेमज ऐतिहासिक व्यक्तिओनां जीवनचरित्रो कविवरोने छाजे एवी रीते रजू करायेलां मळी आवे छे. प्रस्तुतमां हुं सोमसुंदरसूरि नामना एक समर्थ सूरिनी जीवनरेखा आलेखतुं अने भक्तनी रीते एमना गुणोत्कीर्तन करतुं जे काव्य प्रतिष्ठासोमे वि. सं. १५२४मां रच्युं छे तेनो संक्षिप्त परिचय पूरो पाडवा माटे आ लेख लखुं छुं.

**नाम**-उपर्युक्त काव्यनुं नाम कर्ताए जाते **सोमसौभाग्य** राख्युं छे. एनो प्रथम अंश सोमसुंदरसूरिना नामनुं द्योतन करे छे, अने बीजो अंश एमना 'सौभाग्य' विषे निर्देश करे छे. जेम आ काव्यना अंतमां 'सौभाग्य' शब्द वपरायो छे तेम ए पूर्वे घणां वर्षो उपर रचायेली जैन के अजैन कृतिना नाममां एवो प्रयोग होय तो ते विषे तपास करवी बाकी रहे छे. परंतु एना पछी रचायेला **हीरसौभाग्य**मां तो 'सौभाग्य' शब्द वपरायो छे.

**विभाग**-सोमसौभाग्य काव्य दस सर्गमां विभक्त करायुं छे. ए सर्गोनां पद्योनी संख्या अनुक्रमे आ मुजब छे – ६३, ७२, ५९, ६३, ६१, ५९, ९४, ९२, ११० अने ७४ आम अहीं एकंदरे ७४७ पद्यो छे.

**छंद**-सामान्य रीते बृहत्-काव्यो प्रत्येक सर्गोनो मोटो भाग एक ज छंदमां अने अंतमां ए छंदमां फेरफार करायेलो जोवाय छे. आ हकीकत प्रस्तुत काव्यने पण लागु पडे छे. एनो प्रथम सर्ग वसंततिलकामां रचायो छे, अने अंतिम पद्य शार्दूलविक्रीडितमां छे. द्वितीय सर्ग मुख्यतया 'अनुष्टुभ्' मां अने त्रीजो उपजातिमां छे. एम जात-जातना छंदोमां आ काव्य रचायुं छे.

**अलंकार**-आ काव्य अंतर्यमक रूप शब्दालंकारथी तेमज परिसंख्या[१], व्यतिरेक[२] उत्प्रेक्षा इत्यादि विविध अर्थालंकारोथी विभूषित छे.

**विषय**-आ काव्यनो विषय तो एनुं नाम ज सूचवे छे तेम 'तपा'गच्छना सोमसुंदरसूरि[३]नुं जीवनचरित्र छे. एनी जे रूपरेखा सर्ग दीठ आलेखाई छे ते आपणे विचारीशुं.

---

१. जुओ सर्ग. १ना श्लो. २२ ने २३, २. जुओ सर्ग. ३, श्लो. ५३, ३. एमनुं चरित्र गुर्वावली(वि. सं. १४५५), चित्रदुर्गमहावीर-प्रासादप्रशस्ति(वि. सं. १४९५) अने गुरुगुणरत्नाकर (वि. सं. १५४१) मां आलेखायुं छे.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ब्रह्मा तेमज ऋषभदेव एम उभयने अंगे घटे एवा श्लेषात्मक श्लोकथी आ काव्यनो प्रारंभ करायो छे. त्यारबाद शांतिनाथ, नेमिनाथ, पार्श्वनाथ, महावीरस्वामी अने सरस्वतीदेवीने अंगे एकेक श्लोक छे.

श्लो. ११ मां 'गुजरात' माटे 'गूर्जरत्रा' शब्द वपरायो छे. श्लो. ११-३९मां 'प्रह्लादनपुर' याने पालनपुरनुं वर्णन छे. एमां ए नगरना गोळाकार किल्लानो अने एनी धर्मशाळाओनो अने लेखशाळा (निशाळ)नो उल्लेख छे.

श्लो. ४०-४९मां ए नगरना शेठ सज्जननुं वर्णन छे. श्लो. ५०-६२ ए शेठनी पत्नि आल्हणदेवीने अंगेना छे. ए पैकी श्लो. ५२-५४मां कह्युं छे के ए स्त्री ते सीता, दमयंती, सुलसा, रमा, मनोरमा, मदनरेखा, भद्रा, सुभद्रा, अंजना, कुंती, मृगावती के ज्येष्ठा तो नथी एवा विकल्पो विबुधोने विषे उत्पन्न करती हती.

बीजा सर्गनी शरूआतमां कह्युं छे के आल्हणदेवी रात्रे स्वप्नमां चन्द्र जुए छे, अने सवार पडतां ए पोताना पतिने ए वात करे छे, त्यारे ते कहे छे के तने चंद्र समान पुत्र थशे. कालांतरे ए देवी पुत्रने जन्म आपे छे.

बारमे दिवसे सज्जन शेठ सगां-वहालांने जमवा तेडे छे. एनुं वर्णन करतां कवि कहे छे के सौथी प्रथम तो सोना रूपा अने कांसानां पात्रो गोठवाय छे. पछी द्राख, अखरोट[१], साकर अने चारोळी पिरसाय छे. त्यार बाद लाडु, चकचकतो गोळ[२] अने खाजां पिरसाय छे. ए पछी वडां, घेबर, लापसी[३], कपूरी शाळनो कूर, मगनी छडेली दाळ, घी, जीवंती[४] नामनो मनोहर पाक अने जातजातनां शाक पिरसाय छे.

सज्जन पंखो नांखे छे. पछीथी एक कपूरथी भरेलो, अने घोल[५]ना कल्लोलथी सुंदर एवो उत्तम शाळ[६]नो करंबो पिरसे छे. जमण पूर्ण थतां पाननी बीडी आपी सगांवहालांने ए सज्जन ऊंचे आसने बेसाडे छे अने पोताना पुत्रनुं नाम 'सोम' पाडे छे. सोम पांच वर्षनो थतां एनुं निशाळगरणुं कराय छे. एने अंगेना वरघोडामां नर्तकीओ नृत्य करे छे.[७]

उपाध्याय ओंकारपूर्वक मातृका[८] सोमने शिखवे छे. जोत-जोतामां तो ए सोम

---

१. मूळमां 'अखोड' शब्द छे, पण 'अक्षोट' जोईए., २. मूळमां स्फुरत्-फाणिता शब्द छे. गुजराती भाषांतरमां आनो अर्थ 'सूतरफेणी' करायो छे ते भूल छे., ३. मूळमां 'लपनश्री' शब्द छे., ४. आ पाक शेनो बने छे ते जाणवुं बाकी रहे छे., ५. कपडा वडे छणेलुं-मथेलुं दहीं., ६. आ दहींना पांच नीवियातामांनुं एक छे. जुओ पच्चक्खाणभाष्य(गा.३३), ७. आ प्रथा विचित्र जणाय छे. आगळ उपर दीक्षाना वरघोडामां पण वारांगनाओना नृत्यनी वात आवे छे., ८. बाराखडी.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



कालापक व्याकरण[१], नाममाला[२], धातुपाठ, लिंगानुशासन अने छंदशास्त्रनो अभ्यास करे छे ए वातनो उल्लेख करी आ सर्गनी समाप्ति कराई छे.

त्रीजो सर्ग गुरुपरंपराना वर्णरूप छे. एनी शरूआत महावीरस्वामीथी कराई छे. एमना शिष्य प्रथम गणधर गौतमस्वामीने उद्देशीने अने पांचमा गणधर सुधर्मस्वामीने अंगे एकेक श्लोक रची ए पांचमा गणधरनी शिष्यपरंपरा आपतां क्रमसर नीचे मुजब मुनिवरोनो परिचय एकेक श्लोक द्वारा करावायो छे.

जंबूस्वामी[३], प्रभवस्वामी, शय्यंभवसूरि, यशोभद्रसूरि, संभूतिविजय, भद्रबाहुस्वामी, स्थूलभद्र, आर्य महागिरिसूरि, आर्य सुहस्तिसूरि[४], ईन्द्रदिन्न, दिन्नसूरि, सिंहगिरिसूरि, वज्रस्वामी अने वज्रसेन.

ए वज्रसेनने चार शिष्यो हता अने एमना नामथी चार गच्छ थया. ए पैकी 'चंद्र' गच्छमां सर्वदेवसूरि थया. एमणे वडना झाड नीचे बेसी आठ शिष्योने सूरिपद आप्युं. त्यारथी ए गच्छ 'वटगच्छ' तेमज 'बृहद्गच्छ'ना नामे ओळखावा लाग्यो. ए गच्छमां कालांतरे जगच्चंद्रसूरि थया. एमणे बार वर्ष सुधी आंबेलनुं तप कर्युं, एथी एमनो गच्छ 'तपा' तरीके प्रसिद्धि पाम्यो.

एमना शिष्य देवेन्द्रसूरिनी व्याख्यानकळा वखणाती हती. ए कर्मग्रंथना रचनारने विद्यानंद नामे शिष्य थया. एमने पालणपुरना राजाए रचावेला प्रह्लादनविहारमां सूरिपद अपायुं त्यारे देवोए कपूर अने केसरनी वृष्टि करी हती एम अहीं कह्युं छे.

एमनी पाटे धर्मघोषसूरि थया. एक वेळा उज्जैनमां कोई एक योगीए सर्पो विकुर्व्या अने ए सूरि उपर मूक्या, ते समये ए सूरिए ए योगीने क्रौंच-बंधथी बांधी लीधो. योगीए पोताने छोडी मूकवा प्रार्थना करी एटले सूरिए तेम कर्युं. विद्यापुरमां ए सूरिए चार शाकिनीओने स्तंभित करी. ए सूरिनी पाटे सोमप्रभसूरि थया. अने एमनी पाटे सोमतिलकसूरि थया, अने ए सूरिने जयानंदसूरि नामे शिष्य थया.

चोथा सर्गना प्रारंभमां कह्युं छे के एक वेळा ए जयानंदसूरि प्रह्लादनपुरमां पधार्या त्यारे एमनी देशना सांभळवा सोमकुमार एमना पिता सज्जननी साथे गया. ए सांभळी

---

१. मूळमां श्लो. ६४मां आम छे. खरी रीते 'कलापक' जोईए. एने 'कातंत्र' तेमज 'कौमार' पण कहे छे., २. भाषांतरमां 'अष्टभिध' एवुं कोशनुं नाम अपायुं छे ते भ्रान्त छे., ३. आने अंगेना श्लोकनुं भाषांतर विचारणीय छे., ४. एमने उद्देशीने भाषांतरमां एवो उल्लेख करायो छे के-'ज्ञातासूत्र उपर आक्षेप करनार समग्र वादीओने जीतनारा' भूलभरेलुं भाषांतर छे. 'आगमनो जाणकार अने समग्र वादीओने जीतनार' एम जोईए.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सोमकुमारने वैराग्य उत्पन्न थयो. जयानंदसूरिए एमना देहनां विविध लक्षणो विचार्यां. आ लक्षणो कविए एक पछी एक वर्णव्यां छे. तेम करतां एमणे हाथनी रेखाओ पण वर्णवी छे. जयानंदसूरिए सज्जन पासे पुत्रनी मांगणी करी.

ए अंते एमने कबूल राखी अने धामधूमपूर्वक पुत्रने दीक्षा अपाववा तैयारी करी, ए समये जयानंदसूरिए नंदिनी स्थापना करी अने सोमकुमारने एमनी भगिनी सहित वि. सं. १४३७मां दीक्षा आपी. ए सोमकुमारनुं नाम सोमसुंदर पाड्युं.

मुख्यतया 'वसंततिलका' छंदमां रचायेला पांचमा सर्गना आद्य पद्यमां जयानंदसूरि स्वर्गे संचर्या अने देवसुंदरसूरि गच्छनायक बन्या ए हकीकत रजू कराई छे. त्यार बाद ए सूरिनी प्रशंसा कराई छे. ए सूरिए सोमसुंदरसूरिने उत्तम ग्रंथोनो अभ्यास करावववाना इरादे ज्ञानसागरसूरि पासे मोकल्या. तेम थतां एमणे टूंक समयमां विविध विषयोनो साचो बोध मेळव्यो.

एमणे विवाहप्रज्ञप्तिना योगवहन कर्या एटले एमने 'गणि' पदवी अपाई. अने वि. सं. १४५०मां 'वाचक' पद अपायुं. राजकुलपाटक वगेरे स्थळे विचरी सोमसुंदरसूरि अणहिल्लपुर पाटणमां आव्या. त्यांना नरसिंह नामना गृहस्थे देवसुंदरसूरिने विज्ञप्ति करी के सोमसुंदर गणिने 'सूरि' पदवी आपो. अने मने ए अंगे उत्सव करवानी अनुज्ञा आपो.

विज्ञप्ति स्वीकारातां ए गृहस्थे नगरने अने पोताना महेलने शणगार्यां. शुभ मुहूर्ते देवसुंदरसूरि ए गृहस्थने त्यां शिष्यो सहित पधार्या. अने एमणे जिनप्रतिमा सहित नंदी मांडी. भेरी, बुरंगक(वांसळी) अने मृदंगना अवाज संभळावा लाग्या. धवलमंगळनो मधुर अवाज गूंजवा लाग्यो. एवे समये देवसुंदरसूरिए नंदिसूत्रनो पाठ करी सोमसुंदरगणिने सूरिमंत्र आप्यो. तेम थतां वि. सं. १४४७ मां ए गणि सूरि बन्या.

ए समये नरसिंहे श्रीसंघनो सत्कार कर्यो अने याचकोने दान दीधुं. वळी सुखभक्षिका, मोदक, सोमाल[१], वडां, लापसी, खाजां, कूर, दाळ अने घोळ वडे संघने जमाड्यो.

छठ्ठा सर्गना प्रारंभमां वृद्ध गुरुना स्वर्गवासनी अने सोमसुंदरसूरि गच्छनायक थयानी हकीकत रजू कराई छे. त्यार बाद एमनी प्रसंशारूप पद्यो छे. पछी 'समेल' सरोवरनुं अने ए सरोवरवाळा नगरनुं मनोहर वर्णन छे.

१. आनो अर्थ जाणवो बाकी रहे छे.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



त्यार पछी ए नगरना देवराजे एक वेळा एना अनुज हेमराजनी अने घटसिंहनी संमति लइ वाचक मुनिसुंदरना सूरि-पदना महोत्सवार्थे पुष्कळ धन खर्च्युं, ए वात रजू कराई छे. प्रसंगवशात् ए मुनिसुंदरनी बुद्धि, सहस्रावधानता इत्यादिनो उल्लेख छे. देवराजे संघपति बनी मुनिसुंदरसूरिनी साथे शत्रुंजयनी यात्रा करी, एम कही आ सर्ग पूर्ण करायो छे.

सातमा सर्गनी शरूआतमां 'ईलदुर्ग' नामना नगरनुं वर्णन छे. त्यारबाद एवो उल्लेख छे के ए नगरना रणमल्ल राजाने श्रीपुंज नामे पुत्र हतो. एनो वच्छराजना पुत्र गोविंद तरफ सद्भाव हतो. ए गोविंदे कुमारपालविहारनो उद्धार कराव्यो अने आगळ जतां पोताना पुत्र श्रीवीरनी संमतिथी सोमसुंदरसूरिने हाथे धामधूमपूर्वक जयचन्द्र वाचकने 'सूरि' पद अपाव्युं.

पछी ए गोविंद संघपति तरीके शत्रुंजय, गिरनार, सोपारक, अने तारणगिरि (तारंगा)नी यात्रा करी पोताने नगरे पाछो फर्यो त्यारे एना पुत्र श्रीवीरे एनो सत्कार कर्यो. ए गोविंदने तारणगिरि उपर अजितनाथनुं नवुं बिंब स्थापन कराववानी भावना थई एटले एणे अंबिका देवीनुं आराधन करी एनी पासेथी वरदान मेळव्युं अने ए द्वारा योग्य शिला प्राप्त करी. पछी एनी प्रतिमा घडातां एणे सोमसुंदरसूरिने हाथे एनी प्रतिष्ठा करावी.

आठमा सर्गना प्रारंभमां कह्युं छे के सोमसुंदरसूरि विहार करता देवकुलपाटकमां पधार्या. त्यांना संघपति निंबे के जेणे खागहडी नामना नगरमां जिनमंदिर कराव्युं हतुं, एणे पुष्कळ द्रव्य खर्ची भुवनसुंदर वाचकना 'सूरि'पदने अंगे महोत्सव कर्यो.

पछी ए नवीन आचार्य कर्णावती गया त्यारे गुणराजे प्रवेशोत्सव कर्यो. एना भाई आम्रे ए आचार्य पासे दीक्षा लीधी. आगळ उपर ए आचार्ये शत्रुंजय-माहात्म्य वांची संभळाव्युं. ए उपरथी गुणराजे नियम लीधो के 'ज्यां सुधी हुं धामधूमपूर्वक शत्रुंजये जई आदिनाथने प्रणाम न करुं त्यां सुधी मारे दहीं-दूधनो त्याग छे.'

'दीपालिका-पर्व' आवतां तीर्थयात्रा माटे एणे तैयार करी. अहिम्मद पादशाहे कबाहि वगेरे माणसो साथे एने दिव्य वस्त्रोनो पोषाक आप्यो. वळी पोतानी वा(द्वा)रगति आपी अने हजारो सुभटो आप्या. वळी राजाने लायक नफेरी वगेरे वाद्य आप्यां.

शुभ मुहूर्ते गुणराज संघ सहित नगरमांथी नीकळ्यो ते समये उत्तम शुकन थयां. मस्तक उपर जळनो कुंभ राखीने सौभाग्यवती स्त्री सामी आवती मळी. आभूषणोथी विभूषित पण्यांगना दृष्टिपथमां आवी.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



डाबी तरफ गधेडाए, शंडे अने घोडाए शुभकारी स्पष्ट साद विस्तार्यो, डाबी अने जमणी तरफ दुर्गाए अने गणेशे कल्याणकारी अवाज कर्या. निर्धूम अग्नि अने हाथी सामे देखाया.

संघ प्रयाण करी वीरमगाम पहोंच्यो. त्यांथी आगळ जतां श्रीमलिको अने राणाओए गुणराजने भेट आपी. पछी संघ धंधुका अने वलभीपुर थई पालीताणे आव्यो. गुणराज सकळ संघ सहित 'शत्रुंजय'गिरि उपर चड्यो. एणे कपर्दी यक्षने अने आदिनाथने प्रणाम कर्या. पछी पोतानी प्रतिज्ञा पूर्ण थतां गुणराज मधुमती (महुवा) आव्यो.

ए समये एनी विज्ञप्तिथी गच्छपति जिनसुंदर वाचकने 'सूरि' पदवी आपी अने एनो उत्सव ए गुणराजे कर्यो. पछी ए क्रमे क्रमे देवपत्तन, मंगलपुर(मांगरोळ?) अने जीर्णदुर्ग (जूनागढ)मां आव्यो. 'रैवत'गिरिना राजाने रंजित करी गुणराजे ए गिरिनी यात्रा करी अने काळांतरे ए कर्णावती आव्यो. आ प्रमाणेनी हकीकत वर्णवी आ सर्ग पूरो करायो छे.

नवमा सर्गमां विशालराजने 'वाचक' पद, बिंबनी प्रतिष्ठा, जिनकीर्तिने 'सूरि' पदवी, पंचमीनुं उद्यापन, राणपुरमां भव्य जिनमंदिरनुं निर्माण, अमदावादना समरसिंहनी तीर्थयात्रा, पचवारकमां संघवी महुणसिंहे बंधावेल जिनमंदिर अने वि. सं. १४९९मां सोमसुंदरसूरिनो स्वर्गवास, ए बाबतो वर्णवाई छे.

दसमा सर्गमां सोमसुंदरसूरिनी पाटे थयेला केटलाक मुनिवरोनी संक्षेपमां प्रशंसापूर्वक नोंध लेवाई छे. सौथी प्रथम मुनिसुंदरसूरि विषे उल्लेख छे. 'सूरि-मन्त्र'नुं स्मरण करवानी एमनी शक्ति वर्णवी एमने हाथे 'श्रीरोहिणी' नगरमां उपद्रव दूर थतां त्यांना राजाए शिकारनो निषेध स्वीकार्यो अने अमारि प्रवर्तावी, ए वात अहीं कहेवाई छे. वळी देवकुलपाटकमां 'शांति-स्तवन'थी मारिनो उपद्रव ए सूरिए दूर कर्यो हतो. एम पण अहीं कह्युं छे.

एमना पछी जयचन्द्रसूरि विषे एवो उल्लेख छे के एमने 'कृष्ण वाग्देवता'नुं बिरुद हतुं अने एमणे काव्यप्रकाश, संमति (प्रकरण) वगेरे ग्रंथो घणा शिष्योने भणाव्या हता. त्यार बाद भुवनसुंदरसूरि, जिनसुंदरसूरि अने जिनकीर्तिसूरि विषे निर्देश छे.

रत्नशेखरसूरिना संबंधमां एम कह्युं छे के एमणे दक्षिण दिशाना गर्विष्ठ वादीओने जीत्या हता. संघपति लक्षे जेमने सूरिपद अपाव्युं हतुं, एवा गुणोदयनंदिसूरि[१]नो उल्लेख करी फरीथी रत्नशेखरसूरिनुं गुणोत्कीर्तन करायुं छे.

१.अहीं गुणोदयनंदिसूरिना बदले उदयनंदिसूरि नाम समजवुं.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



पछी लक्ष्मीसागर सूरिराज विषे एम कह्युं छे के जीर्णदुर्ग (जूनागढ)ना राजानी सभामां अजैन मतनुं एमणे खंडन कर्युं हतुं. ए सूरिए पित्तळनी प्रतिमाओनी प्रतिष्ठा करी हती. अने 'लाटापल्ली' नगरना दाक्षिणात्य महादेवे पुष्कळ द्रव्य खर्ची ए सूरिने हाथे अपायेला बे वाचक पदवीने अंगे उत्सव कर्यो हतो.

विशेषमां ए सूरिए ७२ जिनालयोमां एमणे चोवीशीनां बिंबनी प्रतिष्ठा करी हती. सोमदेवसूरिने प्रबळ वादी अने प्रखर वक्ता तेमज कुशळ कवि तरीके वर्णव्या छे. साथे-साथे एमनी समस्याशक्तिथी जूनागढनो राजा राजी थयो हतो. एम अहीं कह्युं छे.

त्यारबाद रत्नमंडनने उत्तम वक्ता अने कवि कह्या छे. एमना पछी सोमजयसूरि, उपाध्याय साधुराज, 'कृष्ण सरस्वती' चारित्ररत्न, उपा. सत्यशेखर, हेमहंस, पंडित विवेकसागर, राजवर्धनसूरि, चारित्रराजसूरि, पंडित पुण्यराज, श्रुतशेखर, वीरशेखर, सोमशेखर, ज्ञानकीर्ति, शिवमूर्ति, धर्ममान, ज्योतिर्विद् हर्षमूर्ति, हर्षकीर्ति, हर्षभूषण, हर्षवीर, जयशेखरसूरि, अमरसुंदर, लक्ष्मीभद्र, व्याकरण वेत्ता सिंहदेव, व्याख्यानकळा कोविद पंडित रत्नप्रभ, शीलभद्र, नंदिधर्म, शांतिचंद्र गणि, विनयसिंह गणि, अने हर्षसेन गणि विषे उल्लेख छे.

त्यारबाद सोमसुंदरसूरिना गच्छनी तेमज ए सूरिनी प्रशंसा कराई छे. अंतमां आ काव्य वि. सं. 1542मां रचायुं अने एनुं संशोधन सुमतिसाधु ए कर्युं. ए बाबत रजू करी आ सर्गनी अने साथे साथे आ काव्यनी पूर्णाहुति कराई छे.

आ उपरथी जोई शकाशे के आ काव्य सोमसुंदरसूरिनुं चरित्र रजू करे छे. अने प्रसंगवशात् पांचसो-छसो वर्ष उपरनी सामाजिक परिस्थितिनो ए समयना भोजन समारंभनो, सूरि विगेरे पदवीओने अंगेना महोत्सवोनो, विविध तीर्थयात्राओनो, संघोनो परिचय करावे छे.

प्रकाशन :- "जैन ज्ञान प्रसारक मंडळ" तरफथी प्रस्तुत काव्य गुजराती भाषांतर सहित सने १९०५मां छपावायुं छे खरुं, परंतु एमां अशुद्धिओ छे अने गुजराती भाषांतर तो केटलीकवार गेरसमज उभी करे तेवुं छे. एथी आ शब्दलालित्यथी विभूषित काव्य ऐतिहासिक दृष्टिए पण उपयोगी होवाथी एनुं विशिष्ट टिप्पण सहित समुचित संपादन थवुं घटे अने बने तो एनो गुजराती अनुवाद पण प्रकाशित करवो जोईए.

**(जैन सत्यप्रकाश, वर्ष-18, अंक नं. -1)**

❖ ❖ ❖

For Private and Personal Use Only

# समाचार सार

**जैसलमेर यात्रा संघ :-**

राष्ट्रसंत प. पू. आ. भ. श्री पद्मसागरसूरीश्वरजी म.सा. की पावन निश्रा में फलोदी निवासी संघवी श्री नेमीचन्दजी अमरचन्दजी वैद परिवार-चैन्नई द्वारा फलोदी से जैसलमेर-लोद्रवाजी का शानदार भव्यातिभव्य छःरि पालित पद यात्रा संघ का पुनित आयोजन किया गया था. दिनांक- १८/०२/१५ को पू. आ. भ. श्री पद्मसागरसूरीश्वरजी म. सा. का फलोदी नगर में धूमधाम के साथ प्रवेश संपन्न हुआ. दिनांक- २२/०२/२०१५ प्रातः शुभ मुहूर्त में संघ प्रयाण हुआ. दिनांक- ०६/०३/२०१५ के पावन दिन पर जैसलमेर की स्पर्शना की एवं दिनांक ०८/०३/२०१५ को लोद्रवाजी तीर्थ में संघ मालारोपण के साथ यह परम पुनित अवसर हर्षोल्लास के साथ संपन्न हुआ.


पूज्य गुरुदेवेश के साथ-साथ संघपतिजी के पुण्योदय से प. पू.आ. भ. श्री वर्धमानसागरसूरिजी म. सा., प. पू. आ. भ. श्रीअरुणोदयसागरसूरिजी म. सा., प. पू. आ. भ. श्री देवेन्द्रसागरसूरिजी म. सा., प. पू. आ. भ. श्री हेमचंद्रसागरसूरिजी म. सा., प. पू. आ. भ. श्री विवेकसागरसूरिजी म. सा., प. पू. आ. भ. श्री विमलसागरसूरिजी म. सा. आदि सात आचार्य भगवंत आदि ठाणा एवं तीस से अधिक श्रमण श्रमणी भगवंतो की पुनित निश्रा में इस भव्यातिभव्य छःरि पालित पद यात्रा संघ का अनूठा आयोजन संपन्न हुआ.

**आउ पार्श्वनाथजी तीर्थ जीर्णोद्धार प्रतिष्ठा :-**

दिनांक-१५/०४/२०१५ को ५५० वर्ष प्राचीन आउनगर (राजस्थान) में श्री आउ तीर्थ के जीर्णोद्धार के पश्चात् पूज्यपाद् राष्ट्रसंत गुरुदेव श्री पद्मसागरसूरीश्वरजी म. सा. की पावन निश्रा में श्री आउ तीर्थ के मूलनायक भगवान श्री पार्श्वनाथजी की प्रतिष्ठा का कार्य समापन हुआ. साथ-साथ १७५ वर्ष प्राचीन दादावाडी के जीर्णोद्धार के बाद प्रतिष्ठा का मंगलमय कार्यक्रम पूर्ण हुआ. प्रतिष्ठा प्रसंग के इस सुनहरें अवसर के मुख्य लाभार्थी फलोदी निवासी संघवी श्री नेमीचन्दजी अमरचन्दजी वैद परिवार-चैन्नई एवं डॉ. पारसमल मोहनचंद वैद परिवार ने हर्षोल्लासपूर्वक यह लाभ प्राप्त किया. सकल श्री संघ के सहयोग से आउ तीर्थ एवं दादावाडी के जीर्णोद्धार का कार्य संपन्न हुआ.

(अनुसंधान पेज नं. २४ उपर)

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




सोमसौभाग्य काव्यनी(वि. सं. १५२४) रचना थया बाद मात्र सात वर्ष पछी लालपुरमां वि. सं. १५३१ना वैशाख सुदि ८ ने गुरुवारे गोपाल द्वारा लखायेल हस्तप्रतनुं प्रथम पत्र. रचना समयथी नजीकना समयमां लखायेली प्रस्तुत प्रतमां पदच्छेद सूचक संकेतो, संधि सूचक चिह्नो, विशेष पाठ माटे वपरायेल लालरंग, पत्रनी मध्यमां खाली फुल्लिका, लाल रंगमां करायेली त्रण पार्श्वरेखा अने प्रतिलेखकना सुंदर अक्षरो जेवी विशेषताओ प्रतनी महत्तामां अने शोभामां अभिवृद्धि करे छे.

For Private and Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

TITLE CODE : GUJ MUL 00578. SHRUTSAGAR (MONTHLY). POSTAL AT. GANDHINAGAR. ON 15TH OF EVERY MONTH. PRICE : RS. 15/- DATE OF PUBLICATION APRIL 2015




BOOK-POST / PRINTED MATTER

प्रकाशक
आचार्य श्री कैलाससागरसूरि ज्ञानमंदिर
श्री महावीर जैन आराधना केन्द्र कोबा, गांधीनगर ३८२००७
फोन नं. (०७९) २३२७६२०४, २०५, २५२, फेक्स (०७९) २३२७६२४९
Website : www.kobatirth.org
email : gyanmandir@kobatirth.org

PRINTED, PUBLISHED AND OWNED BY : SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA, PRINTED AT : NAVPRABHAT PRINTING PRESS. 9-PUNAJI INDUSTRIAL ESTATE, DHOBHIGHAT, DUDHESHWAR, AHMEDABAD-380004 PUBLISHED FROM : SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA, NEW KOBA, TA. & DIST. GANDHINAGAR, PIN : 382007, GUJARAT
EDITOR : HIRENBHAI KISHORBHAI DOSHI

For Private and Personal Use Only